# ધોરણ -૬

# ૭.પગલે પગલે-શૌર્ય ગીતનો અન્ક બનાવો

## ૧.કસુંબીનો રંગ

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. – રાજ૦

બહેનીના કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. – રાજ૦

દુનિયાના વીરોનાં લીલા બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ. – રાજ૦

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ. – રાજ૦

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. – રાજ૦

પીડિતની આંસુડાધારે-હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિ:શ્વાસે નિ:શ્વાસે સળગ્યો કસુંબીનો રંગ. – રાજ૦

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. – રાજ૦

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલાં હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગા દેખીને ડરિયાં : ટેકીલાં હો ! લેજો કસુંબીનો રંગ ! – રાજ૦

# ગાંડિવ લઈ હાથમાં અર્જુન થા યુવાન -શૌર્ય ગીત



ગાંડિવ લઇ હાથમાં અર્જુન થા યુવાન
બની સારથી ઉભો છે યોગેશ્વર ભગવાન

કંટકમાં કેડી તુ કરજે કુનેહથી
પુષ્પની સુગંધને સંભાળજે તુ સ્નેહથી
સુખ-દુ:ખમાં સમતાનું ગાજે તું ગાન
તારી સાથે ઉભો છે યોગેશ્વર ભગવાન

કર્મ વિના મળતુ ના, ગીતા ઉપદેશ છે
એળે ના જાય કર્મ, ગીતા સંદેશ છે
શકિત છે તારામાં, કરતો જા કામ
તારી સહાયમાં ઉભો છે યોગેશ્વર ભગવાન

ઉભરાતુ યૌવન યોગેશ્વર ને આપજે
કામ કરી ઇશ્વરના જીવન દિપાવજે
ઘર ઘર ને કરજે તુ ભકિતના ધામ
તારી ભકિતમાં શકિત થઇ ભળશે ભગવાન

જીવનમાં લાચારી લેશ તુ ના લાવજે
પાંડવ થઇ પૃથ્વી પર પાપ ને પડકારજે
લડજે ખુમારીથી જીવન સંગ્રામ
બની સારથી ઉભો છે યોગેશ્વર ભગવાન

# ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું -લોકગીત



ઘડ ધીંગાણે જેના માથા મસાણે,એનો પાળીયો થઈને પૂજાવું રે,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

ટોચોમા ટાંકણું લઈને ઘડવૈયા, મારે પ્રભુ થઇ નથી પુજાવું,(2)
ઘડ ધીંગાણે જેના માથા મસાણે, એનો પાળીયો થઈને પૂજાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

હોમ હવન કે જગન જાપથી, મારે નથી પધરાવું.(2)
બેટડે બાપના મોઢા ન ભાળ્યા, એવા કુમળે હાથે ખોડાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

પીળા પીતાંબર અને જરકશી જામા, મારે વાઘામાં નથી વીંટળાવું,(2)
કાઢ્યા'તા રંગ જેણે ઝાઝા ધીંગાણે, એવા સિંદુરિયા થઈને ચોપડાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

ગોમતીજી કે જમનાજીમાં મારે, નીર ગંગાથી નથી નાવું,(2)
નમતી સાંજે કોઈ નમણી વિજોગણના, ઉના ઉના આંસુડે નાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

બંધ મંદિરીયામાં બેસવું નથી મારે વન વગડામાં રે જાવું,(2)
શુરા ને શહીદોના સંગમાં રે મારે ખાંભી થઈને હરખાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

કપટી જગતના રે કુડા રે રાગથી ફ્રોગટ નથી રે પુજાવું,(2)
મડદાં બોલે એવા સિંધૂડા રાગમાં શુરોપુરો થઈને હરખાવું રે.
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

મોહ ઉપજાવે એવી મૂર્તિમાં રે મારે ચીતરે નથી ચીતરાવું,(2)
રંગ કસુંબીના ઘુંટ્યા હૃદયમાં હવે દાદુળ શું સમજાવું ?
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.

•

# ચેલૈયાનું હાલરડું- ભાગું તો મારી ભોમકા લાજે



ભાગું તો મારી ભોમકા લાજે ને ભોરિંગ ઝીલે ન ભાર,

હે મેરુ સરીખા ડોલવા લાગે એને આકાશનો આધાર,

મેરામણ માઝા ન મુકે ચેલૈયો સતનો ચુકે.

મોરધ્વજ રાજાએ અંગ વેરાવ્યા, દીધા કર્ણે દાન,

શિબી રાજાએ જાંઘને કાપી, ત્યારે મળ્યા ભગવાન.

- મેરામણ

દધીચી ઋષિને દેવતા યાચે, વાંસાનું કરવા વજર,

હે કુહાડે જેના અંગડા કાપ્યા, ત્યારે મળ્યા ભગવાન.

- મેરામણ

શિર મળે પણ સમય મળે નહિ, સાધુ છે મેમાન,

હે અવસર આવ્યે પાછા ન પડીએ, કાયા થાય કુરબાન.

- મેરામણ

# ક્ષત્રીય – શૌર્ય ગીત



ઊંચેરા ડુંગરાને લીલુડી ધરતીમાં છે
ક્ષત્રિય, તારો પડકાર!

થનગનતું યૌવનને લાલઘુમ આંખો
હણહણતા ઘોડાને ઉરમાં ધબકાર
ધરાને ધ્રુજાવનાર હે દેશના લાલ!
લડવાનો આજ તારો અધિકાર!

બાહુમાં બળનો બુલંદ છે જુવાળ
પગોમાં જુજવાનો પડછંદ પોકાર
દેશની સીમા રક્ષવાને કાજ,
હે દેશના કિરતાર! તારો આવિષ્કાર!

વક્ષમાં છે ભાલ તારા હાથમાં તલવાર
અંતરમાં આત્મવિશ્વાસનો છલકે ફુહાર
શત્રુને પછાડનાર હે દેશના ધબકાર!
તારા પાણીને બતાવવાનો આ છે તહેવાર!

# તેજમલ ઠાકોર -શૌર્ય ગીત

હિન્દ ની ધરતીમાં માત્ર પુરુષો જ બળવાન નહોતા, આ ધરતી ની સ્ત્રીઓ પણ રણ-બાંકી હતી, પ્રસ્તુત લોક-ગીત માં તેજમલ નામ ની દીકરી ની વાત છે, જે પુત્રી હોવા છતાં ઘીંગાણે ચડીને દુશ્મનો ને પાછા તાગેડે છે. અને દીકરી હોવા ચાત "તેજમલ ઠાકોર" ના નામે પ્રસિધ્ધિ મેળવે છે..

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યાં રે
ઈ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યાં રે

કાકો વાંચે ને દાદો રહ રહ રુવે રે
ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે

શીદને રુવો છો દાદા શું છે અમને કહો ને રે
દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે

સાત સાત દીકરીએ દાદો વાંઝિયો કહેવાણો રે
હૈયે હિમ્મત રાખો દાદા અમે વહારે ચડશું રે

માથાનો અંબોડો તેજમલ અછતો કેમ રહેશે રે
માથાનો અંબોડો દાદા મોળીડામાં રહેશે રે

કાનનાં અકોટા તેજમલ અછતાં કેમ રહેશે રે
કાનનાં અકોટા દાદા બોકાનામાં રહેશે

હાથનાં ત્રાજવા તેજમલ કેમ અછતાં રહેશે રે
હાથનાં ત્રાજવા દાદા બાંયલડીમાં રહેશે રે

પગનાં ત્રાજવા તેજમલ કેમ અછતાં રહેશે રે
પગનાં ત્રાજવા દાદા મોજડિયુંમાં રહેશે રે

દાંત રંગાવેલ તેજમલ અછતાં કેમ રહેશે રે
નાના હતાં ત્યારે મોસાળ ગ્યાં'તાં રે
ખાંતીલી મામીએ દાંત રંગાવ્યા રે

નાક વીંધાવેલ તેજમલ અછતાં કેમ રહેશે રે
અમારી માતાને અમે ખોટનાં હતાં રે
નાનાં હતાં તે દિ' નાક વીંધાવ્યાં રે

ચલો મારા સાથી આપણે સોનીહાટ જઈએ રે
સોનીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં બેરખડે મન મો’શે રે
અસતરી હશે તો એનાં ઝૂમણલે મો’શે રે

સંધા સાથીડાએ ઝૂમણાં મૂલવિયાં રે
તેજમલ ઠાકોરિયાએ બેરખાં મૂલવિયાં રે

ચાલો મારા સાથી આપણ વાણી હાટે જઈએ રે
વાણીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં પાઘડીએ મન મો’શે રે
અસતરી હશે તો એનાં ચૂંદડીએ મન મો’શે રે

સંધા સાથીડાએ ચૂંદડિયું મૂલવિયું રે
તેજમલ ઠાકોરિયાએ મોળીડાં મૂલવિયાં રે

ચાલો મારા સાથી આપણ સંઘેડા હાટે જઈએ રે
સંઘેડાં હાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં ઢોલિયે મન મો’શે રે
અસતરી હશે તો એનાં ચૂડલે મન મો’શે રે

સંધા સાથીડાએ ચૂડલા મૂલવિયાં રે
તેજમલ ઠાકોરિયાના ઢોલિયે મન મોયાં રે

ચાલો મારા સાથીઓ દરિયે ના’વા જઈએ રે
દરિયા કાંઠે જઈ અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એ દરિયો ડો’ળી ના’શે રે
અસતરી હશે તો એ કાંઠે બેસી ના’શે રે

સંધા સાથીડા તો કાંઠે બેસી ના’યા રે
તેજમલ ઠાકોરિયો તો દરિયો ડો’ળી ના’યો રે

ચાલો મારા સાથી આપણ લશ્કરમાં જઈએ રે
લશ્કરમાં જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એ સામે પગલે ધાશે રે
અસતરી હશે તો એ પાછે પગલે ખસશે રે

તેજમલ ઠાકોરે જુદ્ધમાં પહેલો ઘા દીધો ને
સૌ સાથીડાં એની પાછળ ધાયાં રે

દળકટક વાળી તેજમલ ઘરે પધાર્યા રે
દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે

# શિવાજીનું હાલરડું



આભમાં ઊગેલ ચાંદલો, ને જીજાબાઇને આવ્યાં બાળ રે
બાળુડાને માત હીંચોળે
ધણણણ ડુંગરા બોલે.
શિવાજીને નીંદરું ના’વે
માતા જીજાબાઇ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ – લખમણની વાત
માતાજીને મુખ જે દીથી,
ઊડી એની ઊંઘ તે દીથી....શિવાજીને...

પોઢજો રે, મારાં બાળ ! પોઢી લેજો પેટ ભરીને આજ –
કાલે કાળાં જુદ્ધ ખેલાશે :
સૂવાટાણું ક્યાંય ન રહેશે....શિવાજીને...

ધાવજો રે, મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ –
રહેશે નહીં, રણઘેલુડા !
ખાવા મૂઠી ધાનની વેળા…..શિવાજીને…

પ્હેરી – ઓઢી લેજો પાતળાં રે ! પીળાં-લાલ-પીરોજી ચીર –
કાયા તારી લોહીમાં ન્હાશે :
ઢાંકણ તે દી ઢાલનું થાશે….શિવાજીને…

ઘૂઘરા, ધાવણી, પોપટ-લાકડી ફેરવી લેજો આજ –
તે દી તારે હાથ રહેવાની
રાતી બંબોળ ભવાની….શિવાજીને…

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસરાઆડ્ય –
તે દી તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા !….શિવાજીને…

આજ માતા ચોડે ચૂમીયું રે બાળા ! ઝીલજો બેવડ ગાલ –
તે દી તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે…….શિવાજીને…

આજ માતાજીની ગોદમાં રે તુંને હૂંફ આવે આઠ પ્હોર –
તે દી કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે…..શિવાજીને…

આજ માતા દેતી પાથરી રે ફૂણાં ફૂલડાં કેરી સેજ –
તે દી તારી વીરપથારી
પાથરશે વીશભુજાળી……શિવાજીને…

આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં ઝોલે જાય –
તે દી તારે શિર ઓશીકાં
મેલાશે તીર- બંધૂકા….શિવાજીને…

સૂઈ લેજે, મારા કેસરી રે ! તારી હિંદવાણ્યું જોવે વાટ –
જાગી વ્હેલો આવ, બાલુડા !
માને હાથ ભેટ બંધાવા….શિવાજીને…

જાગી વ્હેલો આવજે, વીરા !
ટીલું માના લોહીનું લેવા !

શિવાજીને નીંદરું ના'વે
માતા જીજાબાઇ ઝુલાવે.
બાળુડાને માત હીંચોળે
ઘણણણ ડુંગરા બોલે.

- ઝવેરચંદ મેઘાણી

## કોઈનો લાડકવાયો -શૌર્ય ગીત

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે
ઘાયલ મરતાં મરતાં રે માતની આઝાદી ગાવે

કોની વનિતા કોની માતા ભગિની ટોળે વળતી
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર ળળતી
મુખથી ખમ્મા ખમ્મા કરતી માથે કર મીઠો ધરતી

થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને
નિજ ગૌરવ કેરે ગાને જખમી જન જાગે અભિમાને

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો
અણપૂછયો અણપ્રીછેલો કોઇનો અજાણ લાડીલો

એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા ના'વી
એને સીંચણ તેલ-કચોળા નવ કોઇ બહેની લાવી
કોઇના લાડકવાયાની ન કોઇએ ખબર પૂછાવી

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી
સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી
કોઇના લાડકવાયાની આંખડી અમૃત નીતરતી

કોઇના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં
આતમ-દીપક ઓલાયા ઓષ્ટનાં ગુલાબ કરમાયાં

કોઇના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો
હળવે એનાં હૈયા ઉપર કર-જોડામણ કરજો
પાસે ધૂપસળી ધરજો કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે
સહુ માતા ને ભગિની રે ગોદ લેજો ધીરે ધીરે

વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા
રે! તમ ચુંબન ચોડાતાં પામશે લાડકડો શાતા

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી
એની રક્ષા કાજે અહરનિશ પ્રભુને પાયે પડતી
ઉરની એકાંતે રડતી વિજોગણ હશે દિનો ગણતી

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરતાં
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા
વસમાં વળામણાં દેતાં બાથ ભીડી બે પળ લેતાં

એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી
જોતી એની રૂધિર છલકતી ગજગજ પ્હોળી છાતી
અધબીડ્યાં બારણિયાંમાંથી રડી હશે કો આંખ બે રાતી

એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે
એકલડો ને અણબૂઝેલો અગન પિછોડી ઓઢે
કોઇના લાડકવાયાને ચૂમે પાવકજ્વાલા મોઢે

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી
લખજો: 'ખાક પડી આંહી કોઇના લાડકવાયાની'

-ઝવેરચંદ મેઘાણી

•

# હાલાજીતારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું -લોકગીત



હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?
બ્રદ રાવળ બિરદાવીયો હો, રંગ ક્ષત્રિ મહેરાણ,
પાણી રખિયો આપરો હો, પરસીધ મેર પ્રમાણ..

હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?
મેરામણ જેસા મરદ, હો મમ આગે હોય,
અમર કથાં રાખે, સાધે કારજ સોંય..
રણ જાંબે ચો રાખિયો હો, મોભી ભડ મેરાણ,
તેણ સમે કટકાં તણી હો, બાજી જડ બઝડાણ..
હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?

જાતો ખુની જાણ્ય, આગે મહેરાણ અજાણી,
પટી ઘોડીએ પૂંઠ, તતખણ મેલી તાણી,
આગે ભાગો જાય, ભોમ અંતર નહી ભાંગે,
આણે મન ઉચાટ લાખ, લખ દાવ ન લાગે...

હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?
મું અગે શત્રુ સાજે, મું તો જીવતર હાર હું,
ધણ કરાં અખે અપઘાત, ઘટ જો મેં શત્રુ ન માર હું,
અસી બાજ ઉડણી, પવન વેગ હુ પડકારી,
ત્રુટી તારા જેમ, ધીર પંખણ ધજધારી..

હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?
બરાછક હોઈ બારાડ, ભીમ ભારથ બછુટો,
કરે ક્રોધ કૃતોત, તંત કર લેવા ત્રુટો,
ક્રમ અઢાર માથે ક્રમણ, વાહે અતંગા વાઢિયો,
સત્રંગ જરદ અસ સૉંસરો, કૃંત અંગ સર કાઢિયો..

હાલાજી ! તારા હાથ વખાણું કે, પટી તારા પગલાં વખાણું ?

## ધન્ય સોરઠ ભોમકા

ધન્ય છે સોરઠની ભોમકા જ્યાં વહેતા ત્રિવેણીના નીર,
ન્યાં નારી ભલી માયાળી ને નર રણબંકડા વીર,

મેરુ સમો ગિરનાર ને તોતિંગ ઉપરકોટ ગઢ,
જ્યાં સતી રાણકના આંસુ સમા ઇ અડગ ઉભા ખડક,

નરસૈંયાનો કુંડ દામો ને સરવો પ્રદેશ પાંચાળ,
જપ તપ ને સત થી શાભતું આંહી આવે, ના ખોટા આળ,

સાવજડા હારે રમતા ને ગિરની ગાળીયું ગજાવતા,
ખાંડા કેરા ખેલ પણ વટ ખાતર વહાવતા,

વીરોનાં શોણિતસ્નાને શોભતું સાગરે સોમનાથ,
છે હજીયે ઇ સુવર્ણિ દ્વારિકા દરિયા કેરે હાથ,

ધરતી સોરઠ તણી સ્વર્ગ સમી દિપતી સોહાય,
જ્યાં જોગણિંયુ વસતી કરતી સહાય સદાય

- દિવ્યરાજ સિંહ સરવૈયા

# ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરા




નેક, ટેક અને ધરમની જ રે,
અને વળી પાણે પાણે વાત,
ઈ તો સંત ને શૂરાના બેસણાં,
અમ ધરતીની અમીરાત,




હે... ધન દામોકુંડ રેવતી,
અને ધન ધન તીરથ ધામ,
ધન મંદિર ધન માળીયા,
હે ઓલું ધન ગોકુળીયું ગામ,




શાર્દૂલ કેરા સાદથી જ રે અને,
ઓલી ગહકે ગહકે મોરાંય ગીર,
નીજ પહાડા પર સર પ્રાછટે,

એમ મારો ધન નાદે વનવીર,




મનહર મુખે માનુની અને,
ગુણિયલ જાત ગંભીર,
ઈણ કુંખે નર નીપજે,
ઓલા વંકડ મૂછા વીર,




સ્નેહ, હેત ને કરુણાના જ્યાં,
કલ કલ ઝરણાં હાસ્ય કરે,
પ્રીત પાલવડે રોજ પાળીયે,
સિંદૂર વરણી સાંજ ઢળે,




ખમીરવંત ઘોડાં ખરતાડે ને,
પડઘમની જ્યાં થાપ પડી,

ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરા,
તારી આભે કીર્તિ ધજા અડી,
રે... તારી આભે કીર્તિ ધજા અડી.




શિર પર પગલાં સતી સંતનાં,
જતી કેડી જંગલ વીંધી,
વળી આંગળી ઘર પર પાછી,
મહા ધરમ મારગ ચીંધી,




સત્ય ધરમ કાજે શૂરવીરની,
ખેઘીલી તેગો ખખડી,
ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરા,
તારી આભે કીર્તિ ધજા અડી,
રે...તારી આભે કીર્તિ ધજા અડી.

# યશગાથા ગુજરાતની

આજ બાપુની પુણ્યભૂમિ પર ઊગ્યું સ્વર્ણ પ્રભાત
જય ગુજરાત... જય જય જય ગરવી ગુજરાત

જય સોમનાથ, જય દ્વારકેશ
જય બોલો વિશ્વના તાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની
યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

ભક્ત સુદામા અને કૃષ્ણના મિત્રભાવ ભુલાય નહિ
વૈષ્ણવજન તો તેને કહીએ નરસૈંયો વીસરાય નહિ
જય દત્ત દિગંબર ગિરનારી
જય દત્ત દિગંબર ગિરનારી
જય બોલો કાળીકા માતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

અમર ભક્ત વીરોની ભૂમિ જેના ગુણ ગાતું સંસાર
રાજાઓના તાજ મુકાવ્યા ધન્ય વીર વલ્લભ સરદાર
જય દયાનંદ, જય પ્રેમાનંદ
જય દયાનંદ, જય પ્રેમાનંદ
જય બોલો બહુચરા માતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

દલપત નાન્હાલાલ દયાના મધુર કાવ્ય ભુલાય નહિ
મેઘાણીની શૌર્ય કથાઓ અંતરથી વીસરાય નહિ
અમર કાવ્ય નર્મદના ગુંજે
અમર કાવ્ય નર્મદના ગુંજે
જય જય અંબે માતની

સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

મળ્યા તેલ ભંડાર દ્રવ્યના, ભીષ્મપિતાની બલિહારી
ધન્ય ધન્ય ગુજરાતની ધરતી, થયા અહીં બહુ અવતારી
જય સાબરમતી
જય મહી ગોમતી સરસ્વતી
જય તાપી ગોમતી સરસ્વતી
જય બોલો નર્મદા માતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ, યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

હિંદુ મુસ્લિમ વોરા પારસી હળીમળી સૌ કાર્ય કરે
સૃષ્ટિને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે
જય સહજાનંદ, જય જલારામ
જય સહજાનંદ, જય જલારામ
જય મહાવીર દાતારની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

અમર ભક્ત બોડાણો, કલાપી, મહાદેવ દેસાઈ
દાદા, તૈયબજી, કસ્તુરબા, પટેલ વિઠ્ઠલભાઈ
આજ અંજલિ અર્પો...
આજ અંજલિ અમર શહીદોને અર્પો ગુજરાતની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

શ્રમ પર શ્રમ કરનારા માનવની આ ધરતી ન્યારી
સત્ય, શાંતિ અને અહિંસાના મંત્રો દેનારી

શ્રમ સેવાની  કરો  પ્રતિજ્ઞા...
શ્રમ સેવાની  કરો  પ્રતિજ્ઞા ઊગી  ઉષા  વિરાટની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ  યશગાથા ગુજરાતની

યશગાથા  ગુજરાતની,  આ ગુણવંતી  ગુજરાતની
જય જય ગરવી ગુજરાતની

આ ગુણવંતી  ગુજરાતની...
જય જય ગરવી ગુજરાતની...

# અમારી આઝાદી

ભલે સુખચેનથી જીવનતણી માણી ન ખુશાલી
ભલે કૈં સેંકડો સંકટ તણા વિષની પીધી પ્યાલી !
ભલે છે દૂર મંઝીલ ને ભલે રહી દૂર આબાદી
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...1

ભલે દુનિયા બધી વર્ષાવતી ખંજર મુશીબતનાં,
સહી લેશું સીતમ જખ્મો, દઇ મંત્રો મહોબ્બતના !
ભલે આધિ અને વ્યાધિ બધે અમ પર રહી લાધી,
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...2

હજૂ આઝાદીનું આ વૃક્ષ છે નાનું અને વાંકુ
કહો ક્યાંથી શકે અર્પી હજૂ એ ફળ મીઠું પાકું !
પછી દુનિયા નિહાળે છો, વિકટ હાલતમાં બરબાદી
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...3

અમારી આત્મશ્રધ્ધાથી જગાવીશું નવો પલ્ટો
જહાંના પંથથી ન્યારો રચાવીશું નવો રસ્તો !
લખી ઇતિહાસને પાને શહાદતની અમે યાદી –
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...4

નક્કી દિન આવશે એવો જહાં જ્યારે ચકિત થાશે
અમારી કીર્તિ ગાથાઓ તણાં ગૌરવ-ગીતો ગાશે..

ગુલામી વિશ્વની ટાળી રચીશું વિશ્વ-આબાદી

અમોને પ્રાણથી પ્યારી અમારી " દેશ-આઝાદી"...!...5

હજૂ છે નાવ મઝધારે જવું છે દૂર કિનારે

ભલે તોફાન છે ભારે છતાં કૈં ડર ન લગારે...!

દૂવા "બાપુ" તણી સાથી, " જવાહર" ટાળશે આંધી !

અમોને પ્રાણથી પ્યારી અમારી " દેશ-આઝાદી"...!...6

# ભારત માતા સાદ કરે છે

*ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . .*

*દેશદાઝ કાજે પ્રગટાવો અગ્નિ પ્રલયંકારી. . . . .*

*હરિયાળી આ ભૂમિ પર દુશ્મનની નજર પડી,*

*સજ્જ બની લાખોંની સેના સરહદ ઉપર ખડી.*

*નાશ કરો એ નરપિશાચનો, કમર કસી સહુ ભારી..*

*ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . . .*

*બ્રહ્મપુત્ર, આસામ રક્ષજે, હિમાલય ને કાંચનજંઘા..*

*જો જે થાયે કલુષિત ના પાવન યમુના ને ગંગા...*

*એક અખંડ, હો વિજયવંત, કાશ્મીરથી કન્યાકુમારી..*

*ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી.....*

*એક એક નર રૂદ્ર બનો... એક એક નારી ચંડી...*

*વિરાટ જનશક્તિ જાગો, પીંખી નાખો પાખંડી..*

*સુજલાં સુફલાં ભારતની મુક્તિ હો મંગલકારી..*

*ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી....*

# હાકલ પડી છે આજ.....

હાકલ પડી....
હાકલ પડી...
હાકલ પડી છે આજ હે જવાન જાગજે
તુ રક્ષવા મા ભારતી સુષુપ્તિ ત્યાગજે. હાકલ પડી

પંથ છે વિકટ વિશેષ, લેશ તું ડરીશ ના
એક નેક ટેકથી વીરેશ તું ચળીશ ના,
વદન ઉપર વિજયનું નિત સ્મિત ધારજે. હાકલ પડી

ગગનને ભેદી રહી છે યુધ્ધભેરીઓ
જંગમાં ઝુકાવવાને સાદ દે દિલેરીઓ
જરૂર પડ્યે હે ! ઝીંદાદીલ શહીદ થૈ જજે. હાકલ પડી